# રાજકોટ મહાનગરપાલિકા

## ટ્રાફીક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ મેનેજમેન્ટ શાખા

ત્રીજો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, નાના મવા સર્કલ,

૧૫૦ રીંગ રોડ, રાજકોટ. ઇ મેઇલ-trafficcell@rmc.gov.in


e-TenderNo.RMC/T&T/24-25/002

**2024-25**

## રાજકોટ મહાનગરપાલિકાનાં ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ મેનેજમેન્ટ શાખા દ્વારા કુલ ૩૫ "પે એન્ડ પાર્ક સાઈટ" માટે ઈ-ટેન્ડર કરવાનું કામ (બીજો પ્રયત્ન)

| ઈ- ટેન્ડરીંગ માટેની માઈલસ્ટોન તારીખો નીચે મુજબ છે. | |
|---|---|
| 1. ઈ-ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરવા | 10/01/2025 To 31/01/2025 upto 17.00 Hrs. |
| 2. પ્રી- બિડ મીટિંગ | 20/01/2025 at 16.00 Hrs. |
| 3. ઈ ટેન્ડર ઓનલાઈન સબમિશનની અંતિમ તારીખ | 31/01/2025 upto 18.00 Hrs. |
| 4. EMD, ટેન્ડર ફી અને અન્ય દસ્તાવેજોની ભૌતિક રજૂઆત. (Regd A.D. /સ્પીડ પોસ્ટ મારફત ફક્ત) | Before 03/02/2025 and 18.00 Hours |
| 5. ઓનલાઈન ટેકનિકલ બિડ ખોલવી | 05/02/2025 at 11.00 Hours onwards |
| 6. સબમિટ કરેલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી (e-Tender ફી, EMD વિગેરે) | 06/02/2025 at 11.00 Hours onwards |
| 7. પ્રાઈસબિડ ખોલવી (જો શક્ય હોય તો) | 10/02/2025 at 11.00 Hours onwards |
| 8. બિડની માન્યતા | 120 Days |
| વધુ વિગતો માટે www.rmc.nprocure.com ની મુલાકાત લો અથવા કામકાજના દિવસો દરમ્યાન અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો | |

સહી: પી.ડી. અઢિયા
સીટી એન્જીનીયર
ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ શાખા
રાજકોટ મહાનગરપાલિકા

# રાજકોટ મહાનગરપાલિકા

## ટ્રાફીક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ મેનેજમેન્ટ શાખા

ત્રીજો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર, નાના મવા સર્કલ,

૧૫૦ રીંગ રોડ, રાજકોટ. ઇ મેઇલ-trafficcell@rmc.gov.in


**રાજકોટ શહેરની જુદી-જુદી પે એન્ડ પાર્ક સાઇટો પર પાર્કિંગ સંચાલનના કામનું રી-ટેન્ડર**

તા.____________

પ્રતિ,
મ્યુનીસીપલ કમિશનરશ્રી,
રાજકોટ મહાનગરપાલિકા,
રાજકોટ.

હું/અમે
______________________________________________________________________________

આ ફોર્મ સાથે આપેલ ટેન્ડરની વિવિધ શરતોને વાંચેલ છે. હું/અમે આ સાથે આ ટેન્ડરના ભાગ રૂપે તમામ શરતોને આધીન રહી , રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બહાર પડાયેલ ટેન્ડર પ્રક્રિયામાં સામેલ થઈએ છીએ. આ સાથે અમો એ પણ સમજીએ છીએ કે ટેન્ડર શરતોને આધીન, ટેન્ડર પાસ થયાની સાથે અમો ટેન્ડર માટે અસ્વીકૃતિ/અસમર્થ થવાના સંજોગોમાં અમારી અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરાશે તથા ખાલસા થશે.

આ ટેન્ડર ફોર્મ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કરેલ ટેન્ડર ફી માટે રૂ. ૧૮૭૫/- (અંકે રૂ. એક હજાર આઠસો પંચોતેર પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ રાજકોટ મહાનગરપાલિકાની તરફેણનો તથા કુલ ...... સાઈટ માટે અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂ. ૧૦,૦૦૦/ પ્રતિ સાઈટ લેખે) રૂ. ___________- અંકે રૂ.____________________________પુરાનો/નાં ડીમાન્ડ ડ્રાફ્ટ આ સાથે સામેલ રાખેલ છે.

અમો નીચે સહી કરનાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત ટેન્ડરની તમામ શરતોને આધીન રહી આ ટેન્ડર પ્રક્રિયા તથા ત્યારબાદ કરવાની તમામ કામગીરી રાજકોટ મહાનગરપાલિકાના નિયમોને આધીન રહી સુચારુ રૂપે હાથ ધરીશું.
આ સાથે અમને રાજકોટ મહાનગરપાલિકાની આ કામગીરી માટેની તમામ શરતો મંજૂર છે.

ટેન્ડર ભરનારનું નામ અને એડ્રેસ:

_______________________________________
_______________________________________
_______________________________________
_______________________________________

મો. ____________________________________ સહી: _________________

**ભાવ પત્રક**

ANNEXURE-A

| ક્રમ નં | સાઈટ નો ક્રમાંક નં. | પે એન્ડ પાર્ક સાઈટનું નામ | નિયત કરેલ અપસેટ પ્રાઈઝ | સાઈટ માટે ઓફર/બીડ કરેલ એવરેજ(વાર્ષિક) લાઈસન્સ ફી ની રકમ રૂ|. (અંકમાં) | સાઈટ માટે ઓફર/બીડ કરેલ એવરેજ(વાર્ષિક)લાઈસન્સ ફી ની રકમ રૂ|. (શબ્દોમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| **કુલ રકમ** | | | | | |

આ સાથે નીચે મુજબના જરૂરી કાગળ મારા/અમારા ટેન્ડર સાથે બીડાણ તરીકે સામેલ છે.

ટેન્ડર સાથે બીડવાનાં અગત્યનાં કાગળો નામ ની સામે ટીક કરવા

૧. અર્નેસ્ટ મની ડીપોઝીટ નો ડીમાંડ ડ્રાફ્ટ (ઝેરોક્ષ કોપી નહી) ( )
૨. ટેન્ડર ફી માટેનો ડીમાંડ ડ્રાફ્ટ (ઝેરોક્ષ કોપી નહી) ( )
૩. પાન કાર્ડની નકલ ( )
૪. પરવાનેદારોની આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ ની નકલ ( )
૫. બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક ( )
૬. છેલ્લા ૫(પાંચ)વર્ષમાં ડી-બાર કે બ્લેક લીસ્ટેડ થયેલ નથી તેનું સોગંદનામું ( )
૭. પ્રોફેશન ટેક્ષનું સર્ટીફીકેટ (EC-RC રજીસ્ટ્રેશન) ( )
૮. EC-RC ભર્યાની પહોંચ. ( )

**(ખાસ નોંધ: સાઈટ માટેનાં ભરેલ ભાવો ઉપરાંત સરકારશ્રીનાં નિયમોને આધીન જી.એસ.ટી તથા ટી.સી.એસ. અલગથી ભરવાનો રહેશે. જો ઉપરોક્ત ડોક્યુમેન્ટ પૈકી કોઈ પણ ડોક્યુમેન્ટ બિડાણ પર નહી હોય તો ટેન્ડર ફોર્મ રદ કરવામાં આવશે.)**

(નીચે મુજબનાં આધારો ઈજારેદાર કે પરવાનેદારે અલગ અલગ પોતાનું કે પોતાની પેઠી મુજબનાં બંધારણને આધીન બીડવાનાં રહેશે.)

૧) પ્રોપરાઈટર નાં કીસ્સામાં

- જી.એસ.ટી.સર્ટીફીકેટ જો હોય તો ( )

૨) પાર્ટનરશીપ

- પાર્ટનરશીપ ડીડ ( )
- પેઢીનું પાન કાર્ડ ( )
- જી.એસ.ટી.સર્ટીફીકેટ જો હોય તો ( )
- પાર્ટનરશીપનાં કિસ્સામાં વર્કીંગ પાર્ટનરની વિગત અથવા પાર્ટનરશીપ નો ઓથોરીટી લેટર ( )
- રજીસ્ટાર ઓફ ફર્મનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ જો હોય તો **અન્યથા એફિડેવિટ માં ફર્મનું રજીસ્ટ્રેશન કરાવેલ નથી તેવો ઉલ્લેખ કરવો.** ( )
- પેઢીની બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક ( )
- લિમીટેડ લાયેબલીટી નાં કીસ્સામાં ઉપર દર્શાવેલ તથા ઇન્કોર્પોરેશન સર્ટીફીકેટ ( )

૩) પ્રાઈવેટ લિમીટેડ કંપની/પબ્લિક લિમીટેડ કંપની

- મેમોરેન્ડમ ઓફ એસોસિએશન ( )
- આર્ટીકલ ઓફ એસોસિએશન ( )
- જી.એસ.ટી.સર્ટીફીકેટ ( )
- કંપનીનું પાનકાર્ડ ( )
- ઇન્કોર્પોરેશન સર્ટીફીકેટ ( )
- ડાયરેકટશ્રી નાં તમામ KYC ( આધાર કાર્ડ અને પાન કાર્ડ) ( )
- કંપનીની બેંક સ્ટેટમેન્ટ ની નકલ અથવા કેન્સલ ચેક ( )
- પ્રાઈવેટ લિમીટેડ કંપનીનું બોર્ડ રીઝોલ્યુશન વર્કિંગ ડીરેક્ટર માટેનું ( )
- પબ્લિક લિમીટેડ કંપની માટે લેટર ઓફ ઓથોરીટી ( )

૪) ચેરીટેબલ ટ્રસ્ટ

- જી.એસ.ટી.સર્ટીફીકેટ ( )
- ટ્રસ્ટનું પાનકાર્ડ ( )
- ચેરીટેબલ ટ્રસ્ટનું બેંક સ્ટેટમેન્ટ ની નકલ અથવા કેન્સલ ચેક ( )
- ટ્રસ્ટ ડીડ ( )
- ટ્રસ્ટ નોંધણીનો દાખલો ( )
- અથોરાઈઝડ ટ્રસ્ટીનાં KYC ( આધાર કાર્ડ અને પાન કાર્ડ) ( )
- લેટર ઓફ ઓથોરીટીચેરીટેબલ ટ્રસ્ટ વતી કામગીરી કરવા માટેનો ( )

## <u>ટેન્ડરની શરતો</u>::-

૧. ટેન્ડર પ્રક્રિયા મુજબ પે એન્ડ પાર્ક સ્થળોની વિગત અથવા સંબંધિત માહિતી ટેન્ડર પ્રક્રિયા માં ભાગ લેતા ઇસમોએ ટેન્ડર ભરતા પહેલા સ્થળ તપાસ કરીને મેળવી લેવાની રહેશે. પે એન્ડ પાર્ક માટે ફાળવવામાં આવેલ સ્થળ બાબતે કોઈપણ માંગણી પછી માન્ય રહેશે નહિ.

૨. ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા એક ટેન્ડર ફોર્મ માં વધુમાં વધુ ૩( ત્રણ) સાઈટો ભરી શકાશે, જેમાંપ્રતિ સાઈટ રૂ |.૧૦,000/- ( અંકે રૂપિયા દસ હજાર રુપિયા પુરા) લેખે અર્નેસ્ટ મની ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ પેટે "રાજકોટ મહાનગરપાલિકા" નાં નામથી જમા કરાવવાના રહેશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે જો ટેન્ડર સ્વીકારવા ની ઇસમ દ્વારા મનાઈ કરાશે અથવા કોઈ અન્ય કારણોસર ટેન્ડર સ્વીકાર્ય નહિ રહે તો આ ડીપોઝીટ જપ્ત કરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખાલસા કરવામાં આવશે. (ઉદા. ત્રણ સાઈટ માટે રૂ|. ૩0,000/- EMD ભરવાની રહે.)

૩. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે જે ઇસમનાં જે તે સાઈટ માટે રજુ કરેલ ભાવ/ઓફર સૌથી વધુ હશે તેને સાઈટની ફાળવણી માટે જરૂરી LOA(Letter of Authority)આપવામાં આવશે. જે સબબ દિવસ – ૭(સાત)માં ધોરણસરનું કરારનામું કરી તેઓએ ટેન્ડર રકમ ની ૨૫% રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ થી "રાજકોટ મહાનગરપાલિકા" નાં નામે સિક્યોરિટી ડીપોઝીટ અત્રેની શાખામાં જમા કરવાની રહેશે. ટેન્ડરના સમયગાળા દરમિયાન અધવચ્ચેથી કાર્ય છોડવાના/શરતભંગના કિસ્સામાં કોન્ટ્રાકટ રદ કરી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ જરૂર જણાયે આ એજન્સીને રાજકોટ મહાનગરપાલિકાના કામે ૩ વર્ષ માટે ડીબાર/બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૪. ટેન્ડરમાં ભાગ લેતા ઇસમોએ ટેન્ડર ભરતા સમયે ખુલાસો કરવાનો રહેશે કે ટેન્ડર વ્યક્તિ/પેઢી દ્વારા ભરવામાં આવેલ છે. ટેન્ડર કોઈપણ પાવર ઓફ એટોર્ની અથવા ટ્રાન્સફર માટે બાધ્ય રહેશે નહિ. ઇસમો કે એજન્સી દ્વારા ખોટી કે અપૂરતી માહિતી આપ્યા ના સંજોગોમાં રાજકોટ મહાનગરપાલિકા ટેન્ડર રદ્દ કરવાનો અબાધિત હક્ક ધરાવશે.

૫. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત કરેલ ફોર્મ સાથે જ ટેન્ડર , એક બંધ કવરની અંદર સમય મર્યાદા માં ટ્રાફિક, ટ્રાન્સપોર્ટ એન્ડ પાર્કિંગ મેનેજમેન્ટ શાખા ખાતે માત્ર રજીસ્ટર એ.ડી., સ્પીડ પોસ્ટ કે પોસ્ટનાં માધ્યમ દ્વારા જ મોકલવાના રહેશે તેમજ ઓનલાઈન બીડ Nprocure સાઈટ પર સબમિટ કરવાની રહેશે. અન્ય કોઈ માધ્યમ થી ટેન્ડર સ્વીકારાશે નહિ તેમજ નિયત મુદત/સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર રદ થવાને પાત્ર થશે. જે ટેન્ડર નિયત સમયમર્યાદામાં ભરવામાં આવેલ હશે તેવા ટેન્ડર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત થયેલ તારીખ અને સમયે ખોલવામાં આવશે.

૬. પે એન્ડ પાર્ક માટે ફાળવેલ જગ્યાનો હેતુ માત્ર પાર્કિંગ સુધી સીમિત રહેશે . પાર્કિંગ સાઈટ માટે ફાળવેલ વિસ્તાર સુધી સીમિત રહેશે. પાર્કિંગ માટેફાળવેલ જગ્યાનો પાર્કિંગ હેતુ માટેજ ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈપણ હેતુ માટે કે માલ સામાન રાખવાની સખ્ત મનાય છે. જો કોઈ વસ્તુ – માલ સામાન રાખ્યાનું માલુમ પડશે તો રાજકોટ મહાનગરપાલિકા તે વસ્તુઓ જપ્ત

કરી ખાલશા કરી શકાશે અને આવો માલ રાખવા સંબંધે કોન્ટ્રાકટ રદ્દ કરીને, રદ્દ થવાના કારણે જે કોઈ આર્થીક નુકશાન જશે તે ઠેકેદાર કે એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

૭. પે એન્ડ પાર્ક સ્થળ પર વસુલ કરવાનો ચાર્જ રા.મ.ન.પા. દ્વારા ટેન્ડરમાં નિયત કરેલ Annexure-“C” મુજબ મુકરર કરવામાં આવેલ છે તે મુજબ જ વસુલ કરવાના રહેશે. ETVM (ઇલેક્ટ્રોનિક ટીકીટ વેન્ડીંગ મશીન) ઇસમોએ ફરજીયાત સ્વખર્ચે ખરીદવાના રહેશે તથા ટીકીટમાં જે તે પરવાનેદારે પોતાનું નામ તેમજ મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

૮. કોન્ટ્રકટની મર્યાદા મહતમ ૨(બે) વર્ષની રહેશે. જે વર્ક ઓર્ડર માં દર્શાવેલ તારીખથી ગણવાની રહેશે. આ સમયમર્યાદા ફેરવવા તથા રીન્યુ કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.નવા ટેન્ડર અન્વયે નવી એજન્સી નિયુક્ત ન થાય તેવા કિસ્સામાં પ્રવર્તમાન ભાવથી સુચના મુજબના સમયગાળા માટે કામગીરી ચાલુ રાખવાની રહેશે. સદરહુ ટેન્ડરની બીડની રકમમાં પ્રતિ વર્ષ ૧૦% નો વધારો સાથે રકમ ભરપાઈ કરવાની રહેશે.

૯. પાર્કીંગમાં પાર્ક કરેલ વાહનો સંબંધિત કોઈપણ પ્રકારની નુકશાની અથવા અન્ય કોઈ સંજોગોમાં પોલીસ ફરિયાદ કે આ પેટે ચૂકવવાના થતા વળતર માટે રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ. આ ખર્ચને પહોંચી વળવા ઠેકેદારે (એજન્સી) એ પદરે (સ્વખર્ચે) થી વીમો લેવો ફરજીયાત છે. તેમજ જરૂરીયાત મુજબની કાનૂની કાર્યવાહી સ્વખર્ચે કરવાની રહેશે.

૧૦. વાહન પાર્કીંગ સંબંધે વાહનનો પ્રકાર, વાહન નંબર, સમય, તારીખ દર્શાવવાના રહેશે. તેમજ સંબંધકર્તા ઇસમને વાહન પાર્ક કર્યાની રસીદ આપવાની રહેશે.

૧૧. પાર્કીંગ કોન્ટ્રાક્ટ ની મુદ્દત પૂર્ણ થયે જગ્યા નો શાંત નિર્ભય કબજો રાજકોટ મહાનગરપાલિકાને વિના વિવાદે પરત આપી દેવાનો રહેશે.

૧૨. રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરશ્રી અથવા તેમણે નીમેલા કોઈપણ અધિકારી કે કર્મચારી ગમે ત્યારે પે એન્ડ પાર્ક સાઈટની મુલાકાત લઇ, આ કામે રાખેલ રજીસ્ટર તથા અન્ય સંબંધિત દસ્તાવેજો કે પાર્કિંગ ટિકિટની વિગત ચકાસી શકાશે.

૧૩. ટેન્ડરમાં જેતે સાઈટ માટે જુદી જુદી એજન્સી તરફથી રજુ થયેલ ભાવો પૈકી જે એજન્સીના ભાવ સૌથી વધુ (H1- Highest) હશે તે એજન્સીને જેતે સાઈટ ફાળવવામાં આવશે.

૧૪. ટેન્ડરમાં દર્શાવેલ સાઈટ્સ માટે કોઈ અનુભવની જરૂરિયાત રહેશે નહિ. પરંતુ EC-RC રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે.

૧૫. ટેન્ડરભરનાર ઈસમોમાં સરકારી /અર્ધ સરકારી/ રાજકોટ મહાનગરપાલિકા નાં કોઈ પણ કામે છેલ્લા ૫(પાંચ) વર્ષમાં ડી-બાર કે બ્લેક લીસ્ટેડ થયેલ નથી તે બાબતે ગુજરાત સરકારશ્રીનાં રેવન્યુ ડીપાર્ટમેન્ટનાં પ્રવર્તમાન નિયમો મુજબ જરૂરી સ્ટેમ્પ પેપર પર નોટ રાઈઝડ કરીસોગંધનામું રજુ કરવાનુ રહેશે.

૧૬. પાર્કીંગ માટે અપાયેલ સાઈટ /જગ્યા માટે વખતો વખત નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે. આ જગ્યા કામચલાઉ કે કાયમી ધોરણે કોઈ અન્ય

હેતુસર ફાળવવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે. આ બાબતે કોઈ વાંધો કે કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ. આ જગ્યા ફક્ત એજન્સીને પાર્કિંગનાં હેતુ માટે જ લાયસન્સ પદ્ધતિથી ફાળવેલ છે. એજન્સીને આ જગ્યા પરનાં કોઈ હકો પ્રાપ્ત થશે નહી. સદર જગ્યાની માલિકી રાજકોટ મહાનગરપાલિકાની છે અને રહેશે.

૧૭. પે એન્ડ પાર્ક નું સંચાલન સંભાળનાર એજન્સીએ સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવતા કરવેરા પરભારે ચૂકવવાના રહેશે. કોઈ પણ નવા વેરા કે ટેક્સ અમલમાં આવ્યેથી તેબાબતે રાજકોટ મહાનગરપાલિકા નેવધારાના વેરા /ટેક્સ બાબતે રજુ આત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૧૮. ટેન્ડરમાં ભાગ લેતા ઇસમોએ ANNEXURE-A માં દર્શાવેલ એક કે તેથી વધુ સાઈટ માટેના ભાવ (વાર્ષિક લાઈસન્સ ફી) રજુ કરવાના રહેશે. જેમાંએક વર્ષ માટે નાં (વાર્ષિક) ભાવ નિયત કરેલ અપસેટ જેટલા કે તેથી વધુ ભાવ રજુ કરવાના રહેશે.

૧૯. ટેન્ડર અન્વયે રજુ થયેલ અમુક સાઈટ માટેના ભાવ ગ્રાહ્ય રાખવા કે રદ કરવા અંગે આખરી નિર્ણય કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે જે તમામ ટેન્ડર ભરનારને બાધ્ય રહેશે.

૨૦. કોઈપણ વાદ-વિવાદ બાબતે મ્યુનીસીપલ કમિશનરનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે તથા કાનૂની કાર્યવાહી થવાના કિસ્સામાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

૨૧. વાહન ચોરાઈ જાય તેવા કિસ્સામાં વાહન માલિક અને પે એન્ડ પાર્કના સંચાલકે સંયુક્ત પોલીસ ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે અત્રેની શાખા રાજકોટ મહાનગરપાલિકાને કોઈપણ કાર્યવાહી કરવાની રહેશે નહિ તથા રાજકોટ મહાનગરપાલિકાની કોઈ પણ જવાબદારી રહેશે નહી.

૨૨. પે એન્ડ પાર્કનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન થાય તેવા કિસ્સામાં કોન્ટ્રકટરે નુકશાન કરનાર એજન્સી પાસેથી પૈસા વસુલ કરી રાજકોટ મહાનગરપાલિકા માં જમા કરાવવાના રહેશે અને જો એમ કરવામાં નહી આવે તો નુકસાનનું વળતર કોન્ટ્રાકટરે ભરવાનું રહેશે.

૨૩. પે એન્ડ પાર્ક ટેન્ડર સાઈટ પર પેટા કોન્ટ્રાકટઆપી શકાશે નહિ. જો પેટા કોન્ટ્રાકટ આપેલ હોવાનું માલુમ પડશે તો પે એન્ડ પાર્કનું સંચાલન કરતી એજન્સીને ટર્મિનેટ કરી તેની સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. તેમજ જરૂર જણાયે બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૨૪. કોઈપણ એજન્સી કે વ્યક્તી ઈચ્છા મુજબ મહત્તમ ત્રણ સાઈટની બીડ કરી શકશે.

૨૫. જો એજન્સી પાસે એક કરતા વધારે સાઈટ હશે અને કોઈપણ એક સાઈટ ટર્મિનેટ થયા પછી બાકીની સાઈટ ટર્મિનેટ કરવી કે નહિ તેનો નિર્ણય કમિશનરશ્રી રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૨૬. કોઈપણ એજન્સી દ્વારાભરવામાં આવેલ બીડની રકમ અપસેટ પ્રાઈઝથી ઓછી હશે તો તે ધ્યાને લેવામાં આવશે નહી.

૨૭. ઉપરોક્ત તમામ શરતોમાં ફેરફાર કર વાનો અથવા નવી શરતો ઉમેરવાનો નિર્ણય કમિશનરશ્રી રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે. જેબીડરને બાધ્ય રહેશે.

૨૮. સ્માર્ટ સીટી મિશન પ્રોજેક્ટ અંતર્ગત જો કોઈપણ સાઈટને સ્માર્ટ પાર્કિંગ તરીકે વિકસાવવામાં આવે તો તેને લગત જરૂરી ફેરફાર એજન્સીએ સુચના મુજબ કરવાના રહેશે તથા આનુસાંગિક ફેરફારો પણ સ્વખર્ચે કરવાના રહેશે.

૨૯. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાર્કિંગ દર સુધારવામાં આવ્યે થી ભાવ વધારા તફાવતની રકમ એજન્સીએ અલગથી ચુકવવાની રહેશે.જેમાં કમિશનરશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૩૦. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ થયેથી એજન્સીએ સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમ મુજબ પાર્કિંગ પ્લોટનું સંચાલન કરવાનું રહેશે તથા જરૂરિયાત મુજબ મે નપાવર પૂરો પાડવાનો રહેશે તથા સ્માર્ટ પાર્કિંગમાં જરૂર જણાયે પાર્કિંગ પરવાનેદારે રાજકોટ મહાનગરપાલિકા નક્કી કરે તે સુચના મુજબ રેવન્યુ શેરીગનાં ધોરણે સ્માર્ટ પાર્કિંગ ચલાવવાનું રહેશે.

૩૧. હાઇએસ્ટ બીડ રજુ કરનાર એજન્સીને અત્રેથી LOA (Letter Of Authority) આપી નિયત સમયમાં સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમ મુજબ સ્વ ખર્ચે નોટરાઈઝડ એગ્રીમેન્ટ કરી તુરંત સિક્યોરીટી ડીપોઝીટ જમા કરાવવા સુચિત કરવામાં આવશે. આ નિયત સમયમાં એગ્રીમેન્ટ કરી સિક્યોરીટી ડીપોઝીટ જમા કરવવામાં નિષ્ફળ જવા બદલ એજન્સીની EMD જપ્ત કરી એજન્સીને ત્રણ વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાના કામે ડીબાર કરવામાં આવશે.

૩૨. એજન્સીની ગંભીર ફરિયાદો અથવા વારંવાર આવતી ફરીયાદોને ધ્યાને લઇ અત્રેથી અંતિમ નોટીસ આપી ખુલાસો રજુ કરવા એજન્સીને સુચિત કરવામાં આવશે. નિયત સમયમાં ખુલાસો રજુ ન કરવો અથવા ખુલાસામાં રજુ કરેલ કારણો કે બાબતો ગ્રાહ્ય રાખી શકાય તેવા ન હોય તેવા કિસ્સામાં એજન્સીની સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી તેના હસ્તકની તમામ સાઈટો હસ્તગત કરી એજન્સીને ૩ વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાનાં કામે ડીબાર કરવામાં આવશે. આ અંગે કમિશનરશ્રી રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય એજન્સીએ ગ્રાહ્ય રાખવાનો રહેશે.

૩૩. દિવસ દરમ્યાન ઓછામાં ઓછી ૧૨ કલાક પે એન્ડ પાર્ક કાર્યરત રાખવાનું રહે શે તથા સદરહુ પાર્કિંગમાં સિક્યોરીટી કે કેરટેકર તમામ દિવસો માટે રાખવાનો રહેશે.

૩૪. પે એન્ડ પાર્ક માટે સોંપવામાં આવેલ પ્લોટ ને જરૂરી સાફ સફાઈ એજન્સી એ પરભારે કરવાની રહેશે તેમજ જરૂરી ડસ્ટબિન રાખવાની રહેશે.

૩૫. રાજકોટ મહાનગરપાલિકા ની જરૂરિયાત જણાયે આ પ્લોટને અન્ય સ્થળે ખસેડવા કે તે ને રદ કરવાનો થાય તો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નોટીસ આપી સાઈટ રદ કરી શકશે તેમજ એજન્સીએ તેનો કબજો રાજકોટ મહાનગરપાલિકા ને સોંપી આપવાનો રહેશે . વધારાનાં સમય માટે લાઈસન્સ ફી પ્રોરેટા મુજબ ગણતરી કરી પરત કરવામાં આવશે.

૩૬. સ્માર્ટ પાર્કિંગ સબબ સાઈટ ખાતે ઇન્સ્ટોલ કરવામાં આવેલ સાધન/સામગ્રીની જાળવણી એજન્સીએ કરવાની રહેશે. તેને નુકશાન થવાના કિસ્સામાં નુકસાનીની રકમ એજન્સીએ ભરપાઈ કરવાની રહેશે તથા સ્માર્ટ પાર્કિંગ સબબ જરૂરિયાત મુજબનાં મેન-પાવરની એજન્સીએ સ્વખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે તથા સ્માર્ટ પાર્કિંગ સબબ નાં જે તે સમયનાં નિયમો એજન્સીને બંધનકર્તા રહેશે.

૩૭. ફાળવેલ સાઈટની સાઈઝમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાયે તેમાં ફેરફાર કરવાનો અધિકાર કમિશનરશ્રીનો રહેશે જે એજન્સીએ ગ્રાહ્ય રાખવાનો રહેશે.

૩૮.પે એન્ડ પાર્કની કામગીરી સબબ કોઈ અકસ્માતે ઈજા/નુકશાની/જાનહાની થાય તો તે સબબ એજન્સી કે તેનો સ્ટાફ રાજકોટ મહાનગરપાલિકા પાસે કોઈપણ પ્રકારનું વળતર કે દાવો રજુ કરી શકશે નહી.

૩૯. ટેન્ડર ભરનાર ઈજારેદારે ટેન્ડર ૧૦૦ નાં ગુણાંકમાં જ ભરવાનું રહેશે. (ઉદાહરણ તરીકે ૩૦,૧૦૦ નહી કે ૩૦,૦૬૯ કે ૩૦,૧૧૧) આવા ભાવ ભરેલ ટેન્ડર માં મહતમ નજીક નો ૧૦૦ નો ગુણાંક જ ધ્યાને લેવામાં આવશે. (ઉદાહરણ રૂપે ૧ પછીના અંક માટે પછીની ૧૦૦ ની રકમ નો ગુણાંક ધ્યાનમાં લેવામાં આવશે, જેમ કે ૩૦ ,૧૫૨ માટે ૩૦ ,૨૦૦ તથા ૩૦ ,૦૯૯ માટે ૩૦૧૦૦)

૪૦. પે એન્ડ પાર્ક ખાતે ઈલેક્ટ્રીસીટી , પાણીની લાઈનતથા CCTV કેમેરાની વ્યવસ્થા જરૂરિયાત જણાય તો તે સંચાલન કરતી એજન્સીએ સ્વખર્ચે તેની વ્યવસ્થા પરભારે કરવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા તરફથી ફક્ત NOC ( No Objection Certificate) આપવામાં આવશે. જ્યાં હયાત સુવિધા હોઈ તો તે કાયદેસરની જ છે તે એજન્સીએ ચકાસણી કરવાની રહેશે. ભવિષ્યમાં ગેરકાયદેસર બાબતે કોઈ દંડ કે પેનલ્ટી થાય તો તે એજન્સીએ ભરવાની રહેશે.

૪૧. પે એન્ડ પાર્કમાં વાહન પાર્ક કરતા રાજકોટ મહાનગરપાલિકાની અસ્કયામતને નુકશાન થાય તો તેની ભરપાઈ એજન્સીએ કરવાની રહેશે, જો તેમ કરવા માં ન આવે તો તેની સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરી એજન્સીને ત્રણ (૩) વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકાના કામે ડી-બાર(બ્લેક લીસ્ટ) કરવામાં આવશે.

૪૨. એજન્સીએ એક બંધ કવરમાં ટેન્ડર ફી, અને EMD નાં ડ્રાફ્ટ તેમજ ટેકનીકલ બીડ અને સોગંદનામું કવરમાં રાખી તેની ઉપર "Pay& Park Tender" એવું લખી શીલ બંધ કરી રજીસ્ટર એડી કે પોસ્ટનાં માધ્યમથી નિયત તારીખ -................... સાંજના ૦૬:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ પહોંચતું કરવાનું રહેશે.

૪૩. વાહન સ્ટેન્ડની કામગીરી અંગે જરૂરી સરકારી/અર્ધસરકારી અથવા મહાનગરપાલિકાના પરવાના ઈજારદારે/એજન્સી એ મેળવી લેવાના રહેશે.

૪૪. ઈજારા/પે એન્ડ પાર્ક ની મુદત પુરી થયા બાદ રાજકોટ મહાનગરપાલિકા એજન્સી કે તેના માણસોને ઈજારાનાં સ્થળમાં પ્રવેશ કરતા અટકાવી શકાશે તથા ઈજારદારે સ્થળે રાખેલ તેમની

સાધન સામગ્રી તાત્કાલિક ખસેડી લેવાની રહેશે. અન્યથા રાજકોટ મહાનગરપાલિકા આવી તમામ સાધન સામગ્રી ઈજારદાર/એજન્સીનાં ખર્ચે અને જોખમે સ્થળ પરથી દુર કરશે.

૪૫. કમિશનરશ્રી તથા તેમના અધિકૃત અધિકારી ધ્વારા સહી કરેલ નોટીસ સુચના વિ. સાયકલ , સ્કુટર સ્ટેન્ડ કે પાર્કિંગ સાઈટ ની જગ્યા ઉપર લગાડવામાં આવે કે ઈ-મેઈલ કે વોટ્સઅપ કરવામાં આવે તો તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

૪૬. ઈજારો મંજુર થતાં ઈજારદારે તેમના રહેઠાણ તથા ધંધાના સ્થળનું પુરેપુરું ટપાલનું સરનામું , ફોન નંબર, ફેક્ષ નંબર તથા ઈ-મેલ આઈડી વિગેરે વિગતો પુરી પાડવાની રહેશે તથા ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક રાજકોટ મહાનગરપાલિકાને લેખિતમાં કરવાની રહેશે. ઈજારદારે/એજન્સી એ જણાવેલ સરનામા/ડીજીટલ મેસેજ જેવા કે ટેકસ્ટ મેસેજ, વોટ્સ અપ મેસેજ, ઈ-મેલ મેસેજ ઉપર રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા જે કાંઈ પત્ર વ્યવહાર કરવામાં આવે તે ઈજારદારને મળ્યા બરાબર ગણાશે.

૪૭. પે એન્ડ પાર્કના પરવાના ફી ની રકમ ઉપરાંત રાજય સરકારના નકકી થયેલા ચાર્જ કે વખતોવખત લાગુ પડતા જે તે કાયદા હેઠળ નકકી થતા ચાર્જ કે સરકારી/અર્ધસરકારી ટેક્ષ/ચાર્જ/ફી/વેરા/જી.એસ.ટી/ટી.ડી.એસ. ભરવાપાત્ર થતા તમામ વેરા આપવાની જવાબદારી પરવાનો રાખનારની રહેશે. ઉપરોકત ઈજારાની મુદત પુરી થયા બાદ પણ જો સરકારશ્રી/ મહાનગરપાલિકા તરફથી આવું લેણું નીકળતુ હશે તો રાજકોટ મહાનગરપાલિકા ઈજારદાર પાસેથી તેવુ લેણુ વસુલ લેવા હકકદાર રહેશે.

૪૮. પે એન્ડ પાર્કમાં નક્કી કરેલ વાહનો નિયત થયેલ પાર્કિંગ વિસ્તારમાં જ પાર્ક કરાવવાનાં રહેશે તેમજ પે એન્ડ પાર્ક વિસ્તારમાં “વાહન ચાલકે પોતાના ખર્ચે તથા જોખમે વાહન પાર્ક કરવું” (Park At Your Own risk ) તેવું બોર્ડ પ્રદર્શિત કરવાનું રહેશે.

૪૯. ઈજારદાર તરફથી સાઈટ ઉપર જે માણસો રોકવામાં આવે તે અંગે રાજય સરકાર , કેન્દ્ર સરકાર, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનાં તમામ લાગુ પડતા નીતિ નિયમોનું કાયદાની મર્યાદામાં રહી પાલન કરવાનું રહેશે. ઈજારદારે સ્થળ ઉપર રોકેલ માણસોને લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપી શકાશે નહી. જો ઈજારદાર તરફથી આવા કોઈ પણ નીતિ નિયમ કાયદાનું પાલન થાય નહિં/ઉલ્લંઘન થશે , તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને રાજકોટ મહાનગરપાલિકાને એવા ઉલ્લંઘન માટે કોઈ પણ રીતે જવાબદાર ઠેરવી શકાશે નહીં.

૫૦. પાર્કિંગ કોન્ટ્રાકટરશ્રી એ રાજય સરકારશ્રી/કેન્દ્ર સરકારશ્રીની કોવીડ-૧૯ ની ગાઈડલાઈન્સનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

૫૧. રાજકોટ મહાનગરપાલિકામાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર બ્રીજ નીચે આવેલ પાર્કિંગમાં કોઈ પણ મોટા વાહનો જેવા કે ટ્રક, વોલ્વો બસ જેવા વાહનો પાર્ક કરવાના રહેશે નહી ફક્ત ર વ્હીલર,૪ વ્હીલર કાર, તથા મીની બસ જેવા વાહનો જ પાર્ક કરવાનાં રહેશે તથા વાહન પાર્કિંગ વખતે બ્રીજ નીચે આવેલ જાહેરા તનાં બોર્ડને વાહન અડચણ રૂપ ન થાય તથા પાર્કિંગ કરેલ વાહનો

દ્વારા જાહેરાતનાં બોર્ડને નુકસાન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. જો જાહેરાતનાં બોર્ડને કોઈ પણ નુકશાન થાય તો તેનો તમામ ખર્ચ પાર્કિંગ પરવાનેદારે ભોગવવાનો રહેશે.

૫૨. પાર્કિંગ પરવાનેદારે પાર્કિંગ દર મુજબ જ ભાવ વસુલવાનાં રહેશે તથા વધુ ભાવ વસુલ્યેથી નિયમાનુસાર દંડ તથા શરતભંગની કાર્યવાહી કરવામાં આવશે.

૫૩. ટેન્ડર મળ્યા બાદ પરવાનેદારે જે તે સાઈટ મુજબ અત્રેથી સૂચવ્યા મુજબ સ્વ ખર્ચે મેન પાવર પૂરો પાડવાનો રહેશે.

૫૪. ટેન્ડર ભરનાર ઇસમદારે ટેન્ડર માટે EMD(અર્નેસ્ટ મની ડિપોઝીટ) કે સિક્યોરિટી ડિપોઝીટ ઇસમદારનું બેંક પાસબુક કે ચેક માં જે રીતે નામ હોય તેજ નામથી ભરવાની રહેશે. અન્ય કોઈ નામે ભરવાથી ખાતામાં રકમ જમા ન થયે, રાજકોટ મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહિ.

૫૫. ટેન્ડર ભરનાર ઇસમ દારે ટેન્ડર ફોર્મ પર પોતાનું નામ, સરનામું તેમજ મોબાઈલ નંબર ફરજીયાત લખવાના રહેશે, જેથી સંદેશા વ્યવહાર સમયસર થઇ શકે.

૫૬. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પોતાનો કોઈપણ પાર્કિંગ પ્લોટ મહત્તમ ૩૦ (ત્રીસ) દિવસ/વર્ષ માટે પોતાને ચાહે તે રીતે કે અન્ય કોઈ સંસ્થાને કોઈ પણ કારણ આપ્યા વગર ઉપયોગ કરી શકશે, જે માટે કોઈ પણ પ્રકારનું વળતર કે મુદ્દતમાં વધારો આપવામાં આવશે નહિ. દિન-૩૦ થી વધુ સમય માટે જો ઉપયોગમાં લેવામાં આવે તો ઈજારેદાર દ્વારા નિયમોનુસાર અરજી કરી મુદતમાં વધારો માગવાનો રહેશે જેનો આખરી નિર્ણય રાજકોટ મહાનાગરપલિકાનાં કમિશનરશ્રીનો રહેશે જે એજન્સીએ ગ્રાહ્ય રાખવાનો રહેશે.

૫૭. ટેન્ડર ભરનાર ઇસમદારે પોતાનાં ખર્ચે જરૂર જણાયે CCTV કેમેરા વાહન તથા પાર્કિંગની સેફટી માટે ઇન્સ્ટોલ કરવાનાં રહેશે, આ કેમેરાનુ રેકોર્ડીંગ સરકારનાં તાત્કાલિન નીતિ-નિયમો મુજબ રાખવાનું રહેશે.

૫૮. ટેન્ડર ભરનાર ઇસમ દારે ટેન્ડર ભરતી વખતે ટેન્ડરની રકમ અંકમાં તથા શબ્દમાં લખવાની રહશે. આવી રકમમાં જયારે અંકમાં તથા શબ્દમાં ફેરફાર હશે ત્યારે શબ્દમાં લખેલ રકમ ને આખરી ગણવામાં આવેશે. આ બાબતે અન્ય કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૫૯. ટેન્ડર ભરનાર ઇસમ દારે ટેન્ડર ભરતી વખતે ટેન્ડર સાઈટનો સીરીયલ નંબર( ક્રમાંક) નંબર પણ દર્શાવવાનો રહેશે, જયારે પણ શરતચૂક થી કોઈ પણ ઇસમદાર દ્વારા યોગ્ય રીતે ટેન્ડર ની સાઈટની વિગત દર્શાવેલ ન હોઈ ત્યારે સીરીયલ નંબર( ક્રમાંક) આખરી ગણવામાં આવેશે. આ બાબતે અન્ય કોઈ રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૬૦. ઇસમદારે દર મહિને પે એન્ડ પાર્ક સાઈટની આવકની વિગત (પાર્ક કરેલ ટુ વ્હીલર, કાર તેમજ હેવી વ્હીકલની સંખ્યા અને માસિક કુલ આવક) અત્રેની કચેરીએ આપવાની રહેશે.

૬૧. ટેન્ડર સાઈટ ધારકે તેમને સોંપવામાં આવેલ પે એન્ડ પાર્ક સાઈટ પર ગંદકી કે કચરો ન રહે તે બાબતનું ધ્યાન રાખી રોજબરોજ તેની સાફ-સફાઈ કરવાની રહેશે.

**:પેનલ્ટીની શરતો:-**

૧. નિયત ચાર્જથી વધુ ચાર્જ વસુલાત કર્યા અંગેની ફરિયાદ અન્વયે કસુરવાર જણાયે રૂ|. ૧,૦૦૦/- થી લઇ રૂ|. ૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી વસુલવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે. તેમજ જરૂર જણાયે એજન્સીની સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવાસાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૨. પાર્કિંગ વ્યવસ્થા માટે રાખેલ માણસોના ૨(બે) ફોટા, રેસીડન્સ પ્રૂફ, ઉંમરનો પુરાવો, વિગેરે વિગત સાથે આઈ.ડી. બનાવી એજન્સીએ પોતાના માણસોને આપવાનું રહેશે. આઈ.ડી. કાર્ડ વગરના માણસો રાખી શકાશે નહિ. આઈ.ડી. કાર્ડ વગરના માણસો ધ્યાને આવ્યે થી પ્રતિ દિન/વ્યક્તિ દૈનિક રૂ|. ૫૦૦/- લેખે પેનલ્ટી આપવામાં આવશે.

૩. પાર્કિંગ સાઈટનું સંચાલન સંભાળવાથીતે સંબંધે રાજકોટ મહાનગરપાલિકામાં સંબંધ કર્તાનો કોઈપણ પ્રકારનો હક્ક પ્રસ્થાપિત થશે નહિ. આવો ઉપયોગ કર્યાનો ધ્યાને આવ્યેથી રૂ|. ૧,૦૦૦/- થી લઇ રૂ|. ૫૦૦૦/- સુધીની પેનલ્ટી વસુલવા સાથે અને/ અથવા કરાર રદ કરી જમા કરાવેલ સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવાસાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૪. પે એન્ડ પાર્ક સાઈટ પર કોન્ટ્રાકટર અથવા તેના સ્ટાફ દ્વારા અરજદાર સાથે ગેર વર્તણુંક કર્યા હોવાનું ધ્યાને આવશે તો તેને નોટીસ આપી ખુલાશો રજુ કરવા તેમજ રૂ| . ૧,૦૦૦/- થી લઇ રૂ|. ૫,૦૦૦/- સુધીની પેનલ્ટી બનાવની ગંભીરતાને આધીન રહીને વસુલવામાં આવશે.

૫. પે એન્ડ પાર્કની સાઈટ પર સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન કોન્ટ્રક ટર અથવા તેના સ્ટાફ ગેરહાજર જણાય તો રૂ. ૨,૦૦૦/-ની પેનલ્ટી કરવામાં આવશે.

૬. પાર્કિંગની જગ્યામાં પાર્કિંગ હેતુ સિવાય અન્ય ઉપયોગ તથા પાર્કિંગ સાઇટની વારંવાર ફરીયાદ ધ્યાને આવ્યેથી નોટીસ આપી બાબતની ગંભીરતા અનુસાર રૂ .૧૦૦૦/- થી રૂ.૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી કરવા તેમજ કોન્ટ્રાકટ રદ કરી સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાને રહેશે.

૭. પાર્કિંગ પ્લેસ માટે ફાળવેલ સાઈટ કે તેનો ચોક્કસ ભાગ કોઈ વ્યક્તિ કે એજન્સીને ફાળવવા જેવા બનાવને ધ્યાને લઇ નોટીસ આપી ખુલાસો રજુ કરવા અને બાબતની ગંભીરતા અનુસાર રૂ.૧૦૦૦/- થી રૂ.૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી કરવા તેમજ કોન્ટ્રાકટ રદ કરી સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૮. એજન્સીને ફાળવેલ સાઈટનું સંચાલન તેઓશ્રીએ કરવાનું રહેશે. અન્ય કોઈ વ્યકિ તિ કે એજન્સી ને પેટા કોન્ટ્રાકટથી આપી શકાશે નહી. જો આવુધ્યાને આવ્યેથી નોટીસ આપી ખુલાસો રજુ કરવા અને બાબતની ગંભીરતા અનુસાર રૂ.૫૦૦૦/- થી રૂ.૨૦,૦૦૦/- સુધીની પેનલ્ટી કરવા તેમજ કોન્ટ્રાકટ

રદ કરી  સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૯. એજન્સીને ઈ.ટી.વી.એમ. મશીન બંધ થઇ જવાના કિસ્સામાં  ૪૮ કલાકમાં રિપેરિંગ કરી કાર્યરત કરવાનું રહેશે તેમ ન થવાના કિસ્સામાં પ્રતિ દિન રૂ. ૧૦૦/- લેખે પેનલ્ટી થશે.

૧૦. પે એન્ડ પાર્ક દિવસ દરમ્યાન ઓછામાં ઓછું ૧૨ કલાક કાર્યરત કરવાનું રહેશે.  તેનો ભંગ થવા બદલ રૂ. ૨૦૦/- લેખે પેનલ્ટી આપવામાં આવશે તથા શરત નં-૫૧ માં જણાવ્યા મુજબ તેના ભંગ બદલ રૂ. ૨૦૦૦ /- પેનલ્ટી પ્રતિ દિન મુજબ કરવામાં આવશે.

૧૧. ટેન્ડરમાં દર્શાવેલ ભાવ પત્રક અંગેનું બોર્ડ દરેક સાઈટ પર એજન્સીએ નિભાવવાનું રહેશે. અન્યથા પ્રત્યેક દિન માટે રૂ|.૧૦૦૦/ ની પેનલ્ટી પ્રતિદિન લેખે વસુલ કરવામાં આવશે અથવા  કોન્ટ્રાકટ રદ કરી સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૧૨. ઈજારેદાર દ્વારા ભરવામાં આવેલ ચેક કોઈ પણ કારણસર બાઉન્સ થયેથી જે તે રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ મારફત દિવસ-૭ માં ભરપાઈ કરવાની રહેશે તેમજ પેનલ્ટી સ્વરૂપે રૂ.૫૦૦/- ની રકમ ભરપાઈ કરવાની રહેશે. જો સદરહુ રકમની ભરપાઈ સમયમર્યાદામાં નહી કરવામાં આવે તો સોપવામાં આવેલ પે એન્ડ પાર્ક સાઈટનો કોન્ટ્રાકટ રદ કરી સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

૧૩. ઈજારેદારને સોંપવામાં આવેલ સાઈટ પર ગંદકી કે કચરો જોવા મળશે તો પ્રતિ દિન પેનલ્ટી સ્વરૂપે રૂ.૫૦૦/- ની રકમ ભરપાઈ કરવાની રહેશે. તેમજ આ બાબતેની ફરિયાદ વારંવાર આવતા સોપવામાં આવેલ પે એન્ડ પાર્ક સાઈટનો  કોન્ટ્રાકટ રદ કરી  સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવા સાથે બ્લેકલીસ્ટ કરવા સુધીના પગલા લેવાનો અધિકાર રાજકોટ મહાનગરપાલિકાનો રહેશે.

Annexure-B

## પાર્કિંગ સાઈટની વિગતો :

| SR NO. | WARD NO. | ZONE | PAY & PARK SITE ADDRESS | UPSET PRICE (FOR ONE YEAR) | SIZE |
|---|---|---|---|---|---|
| 1 | 1 | WEST | Ramdevpir Chowk to Sheetal Park Chowk East side bridge lower part | 75000.00 | 846.40 |
| 2 | 1 | WEST | Ramdevpir Chowk to Sheetal Park Chowk West side bridge lower part | 75000.00 | 621.56 |
| 3 | 1 | WEST | Ramdevpir Chowk to Nanavati Chowk West side bridge lower part | 70000.00 | 603.20 |
| 4 | 1 | WEST | Ramdevpir Chowk to Nanavati Chowk East side bridge lower part | 70000.00 | 862.65 |
| 5 | 8 | WEST | K.K.V. Chowk to Big Bazaar on the east side of the bridge (1) | 75000.00 | 695.31 |
| 6 | 8 | WEST | Nana Mawa Chowk to Big Bazaar on the west side of the bridge | 75000.00 | 878.85 |
| 7 | 8 | WEST | Nana Mawa Chowk to Balaji Hall on the west side of the bridge | 50000.00 | 485.60 |
| 8 | 9 | WEST | Raiya Chowk to Indira Circle on the west side of the bridge (4) | 75000.00 | 765.81 |
| 9 | 9 | WEST | Raiya Chowk to Nanavati Chowk on the east side of the bridge (2) | 75000.00 | 769.86 |
| 10 | 9 | WEST | Raiya Chowk to Nanavati Chowk on the west side of the bridge (3) | 75000.00 | 777.06 |
| 11 | 10 | WEST | Satyasai Main Road (Parimal School) to Atmiya College Gate (Opposite Swimming Pool) Both Sides of the Bridge KKV Multi Level Bridge | 50000.00 | 697.08 |
| 12 | 10 | WEST | Shriji Hotel to Royal Park Main Road (Opposite Krishna Medical Store) Both Sides of the Bridge KKV Multi Level Bridge | 90000.00 | 907.42 |
| 13 | 10 | WEST | Both Sides of the Bridge Opposite Domino's Pizza to Jai Siyaram Chai (Opposite Warkhardt Hospital) KKV Multi Level Bridge | 225000.00 | 2012.25 |
| 14 | 11 | WEST | From Jadus Chowk to Pushkardham, both sides under the bridge 860 sq.m. | 75000.00 | 836.55 |
| 15 | 11 | WEST | From Jadus Chowk to Mota Mawa, both sides under the bridge 852 sq.m. | 75000.00 | 805.00 |
| 16 | 12 | WEST | From Mawadi Chowk to Nanamawa Chowk, on the east side of the bridge (2) | 75000.00 | 641.00 |
| 17 | 12 | WEST | From Mawadi Chowk to Gondal Chowk, on the west side of the bridge (4) | 75000.00 | 673.50 |
| 18 | 12 | WEST | From Mawadi Chowk to Gondal Chowk, on the east side of the bridge (1) | 75000.00 | 654.92 |
| 19 | 7 | CENTRAL | From Hospital Chowk to Jamnagar Road Bridge | 90000.00 | 1920.00 |
| 20 | 7 | CENTRAL | From Hospital Chowk to Kesari Hind Bridge | 90000.00 | 1920.00 |
| 21 | 7 | CENTRAL | From Hospital Chowk to The Grand Thakar Hotel | 90000.00 | 1350.00 |
| 22 | 13 | CENTRAL | Next to Shastri Shri Dharmajivandasji Eye Hospital, Below Railway Overbridge | 4500.00 | 180.00 |
| 23 | 13 | CENTRAL | Vivekananda Overbridge/Below Mawadi Overbridge | 35000.00 | 380.00 |
| 24 | 17 | CENTRAL | Open Plot, Naherunagar, 80 Feet Road, Yogeshwar Society | 40000.00 | 1030.00 |
| 25 | 7 | CENTRAL | Mochi Bazaar Court to Petrol Pump Road. | 30000.00 | 310.00 |
| 26 | 3 | CENTRAL | Jubilee Vegitable Market | 30000.00 | 550.00 |
| 27 | 7 | CENTRAL | Lakhjiraj Road | 100000.00 | 1150.00 |
| 28 | 7 | CENTRAL | RMC Plot Near Rastriya Shala, Located in Ward No. 7 | 50000.00 | 1006.00 |
| 29 | 7 | CENTRAL | From Dhanrajni Building, (Imperial Hotel) to Jilla Panchayat Chowk, Both Sides | 225000.00 | 1000.00 |
| 30 | 10 | WEST | Open Plot, Panchayat Nagar Chowk | 70000.00 | 494.50 |
| 31 | 18 | EAST | Open Plot, T.P. 11, F.P. 46, Ward No. 18 (Plot Next to Purushartha Society) | 450000.00 | 7836.04 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 32 | 5 | EAST | Open Plot Opposite Atal Bihari Vajpayee Auditorium. | 70000.00 | 1000.00 |
| 33 | 10 | WEST | KKV Multi Level Bridge on both sides of the bridge from Jai Siyaram Cha to KKV Chowk | 55000.00 | 543.20 |
| 34 | 8 | WEST | From Nana Mawa circle to Big Bazar East side under the bridge | 75000.00 | 828.36 |
| 35 | 7 | CENTRAL | Plot Opposite A Division Police Station | 70000.00 | 440.00 |

## "સરકારશ્રી દ્વારા મંજુર થયેલ નવી પાર્કિંગ પોલિસીનું ભાવ પત્રક"

| ઓન સ્ટ્રીટ, ઓફ સ્ટ્રીટપાર્કિંગ- તમામ વિસ્તારો માટે તમામ રકમ ભારતીય રૂપિયામાં | | | | | |
|---|---|---|---|---|---|
| | ૦ થી ૩ કલાક | ૩ થી ૬ કલાક | ૬ થી ૯ કલાક | ૯ થી ૧૨ કલાક | ૧૨ થી ૨૪ કલાક |
| દ્વિચક્રીય વાહનો | ૫ રૂ/-. | ૧૦ રૂ/-. | ૧૫ રૂ/-. | ૨૦ રૂ/-. | ૨૫ રૂ/-. |
| ત્રિચક્રીય વાહન | ૧૦ રૂ/-. | ૧૫ રૂ/-. | ૨૦ રૂ/-. | ૨૫ રૂ/-. | ૩૦ રૂ/-. |
| મોટર કાર | ૨૦ રૂ/-. | ૩૦ રૂ/-. | ૫૦ રૂ/-. | ૬૦ રૂ/-. | ૮૦ રૂ/-. |
| LCV | ૨૦ રૂ/-. | ૩૦ રૂ/-. | ૬૦ રૂ/-. | ૮૦ રૂ/-. | ૧૦૦ રૂ/-. |
| HCV | ૪૦ રૂ/-. | ૫૦ રૂ/-. | ૭૦ રૂ/-. | ૧૦૦ રૂ/-. | ૧૨૦ રૂ/-. |

## "સરકારશ્રી દ્વારા મંજુર થયેલ નવી પાર્કિંગ પોલિસીનું માસિક ભાવ પત્રક"

| ક્રમાંક | વિગત | ચાર્જ રૂપિયામાં |
|---|---|---|
| **૧** | **દ્વિચક્રીય વાહનો** | **૩૫૦/-** |
| **૨** | **મોટર કાર અને ફોર વ્હીલર સહીત હળવા કોમર્શિયલ વાહનો** | **૬૦૦/-** |
| **3** | **હેવી કોમર્શિયલ વાહનો (બસ, ટ્રક, જે.સી.બી, મેટાડોર, ટ્રેક્ટર અને મોટા વાહનો)** | **૧૨૦૦/-** |

## અગત્યની તારીખો

| | |
|---|---|
| e-Tender Online સબમિટ કરવાની અંતિમ તારીખ અને સમય | ૩૧/૦૧/૨૦૨૫<br>સમય ૧૮.૦૦ કલાક |
| પ્રી બીડ મીટીંગની તારીખ અને સમય | ૨૦/૦૧/૨૦૨૫<br>સમય ૧૬.૦૦ કલાક |
| ટેન્ડર ડોક્યુમેન્ટ સબમિટ કરવાની અંતિમ તારીખ અને સમય | ૦૩/૦૨/૨૦૨૫<br>સમય ૧૮.૦૦ કલાક |